જન્મભૂમિ પ્રવાસી
મુંબઇ, રવિવાર, તા. ૧-૭-૨૦૧૨ ટપાલની આવૃત્તિ સોમવાર, તા. ૨-૭-૨૦૧૨


# ભારત માટે પ્રમુખીય લોકશાહી યોગ્ય વિકલ્પ !

**ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ છે. લેખક જશવંત ભાઈચંદ મહેતાએ દેશમાં અમેરિકા જેવી પ્રમુખીય લોકશાહી શા માટે સુયોગ્ય વિકલ્પ બની શકે, તેની રસપ્રદ છણાવટ અત્રે કરી છે.**

**આ**પણા બંધારણના ઘડવૈયાઓએ લાંબી ચર્ચા-વિચારણા કરી ઘડેલા બંધારણની ગણના વિશ્વના સૌથી લાંબા બંધારણ તરીકે થાય છે. તેમાં કટોકટીના કાળ સિવાય પ્રજાના મૂળભૂત અધિકારોની રક્ષા બરાબર કરવામાં આવી છે, પણ સરકારની કાર્યપદ્ધતિ ઘડવામાં અલ્પ ફેરફારો સિવાય બ્રિટિશ પદ્ધતિનું અનુકરણ કર્યું છે. બ્રિટનના રાજવીની માફક આપણે રાષ્ટ્રપતિને ઔપચારિક વડા તરીકેનું સ્થાન આપ્યું છે.

એ જાણવું રસપ્રદ બની રહેશે કે આપણે સંસદીય શાસન અપનાવ્યું તેમાં મુખ્યત્વે બ્રિટિશ સંસદીય શાસન પ્રણાલીની પરિચિતતાએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. અમેરિકાએ પણ આપણી જેમ બ્રિટિશરો સામે લડીને સ્વતંત્રતા મેળવી હતી અને તેઓ આપણા કરતાં પણ બ્રિટિશ પદ્ધતિથી વધારે પરિચિત હતા. તેમ છતાં, તેમણે અલગ સ્વરૂપની લોકશાહી એટલે કે પ્રમુખીય પદ્ધતિની લોકશાહી અપનાવવું શા માટે પસંદ કર્યું હતું ? આના સંદર્ભમાં અમેરિકન બંધારણ ઘડતી વખતે જે ચર્ચા-વિચારણા થઈ હતી તે આપણા માટે ઘણું સૂચક બની રહે છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ જો આના પર પૂરતું લક્ષ્ય આપ્યું હોત તો નિઃશંક તેઓએ બ્રિટિશ મોડલ અપનાવતા પહેલાં ફેરવિચારણા કરી હોત. અમેરિકન બંધારણના ઘડવૈયાઓને દહેશત હતી કે બ્રિટને અપનાવેલી સંસદીય પદ્ધતિની સફળતા મહદ્અંશે સંગઠિત અને મજબૂત દ્વિપક્ષીય પદ્ધતિ ઉપર અવલંબિત છે. જ્યારે અમેરિકા કે જ્યાં ભવિષ્યમાં યુરોપના વિવિધ દેશોમાંથી વસાહતીઓ સ્થાયી થવાના હતા કે જુદા જુદા દેશોની પ્રજા કે જે અલગ ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને પરસ્પર વિરોધી હિતસંબંધો ધરાવતી હોય ત્યાં વખત જતાં બહુવિધ પક્ષો ઉદ્ભવવાની પૂરેપૂરી શકયતા હોવાથી આવી અનેકવિધ પક્ષોની બનેલી સરકાર સંસદીય પદ્ધતિ પ્રમાણે ચાલશે તો તે અસ્થિર અથવા નબળી હોવાની પૂરેપૂરી શકયતા ઊભી થશે.

આ બધી શકયતાઓને લક્ષમાં લઈ તેઓએ નવી લોકશાહી પદ્ધતિની રૂપરેખા ઘડી, જે પ્રમુખીય લોકશાહી તરીકે જાણીતી છે. આ પ્રકારની સરકારમાં પ્રમુખ રાજ્યના વહીવટી વડાનું પણ સ્થાન અને સત્તા ધરાવે છે. પ્રમુખની ચૂંટણી સમગ્ર દેશના લોકો દ્વારા સીધા મતદાનથી થાય છે અને ચૂંટાયા પછી તેઓની મુદ્દત ચાર વર્ષના સમયગાળા પૂરતી નિશ્ચિત હોય છે. એકવાર ચૂંટાયા પછી પ્રમુખને દેશના પ્રતિભાશાળી યોગ્ય વ્યક્તિઓની પ્રધાનમંડળમાં સીધી નિમણૂક કરવાની છૂટ આપવામાં આવી છે.

અમેરિકાના બંધારણના ઘડવૈયાઓએ જે દહેશત સેવી હતી કે યુરોપના વિવિધ દેશોના વસાહતીઓ પોતપોતાની ભાષા, સંસ્કૃતિ વગેરેના આધારે નવા પક્ષો રચતા રહેશે, તે દહેશત આપણો પોતાનો છેલ્લાં ચોસઠ વર્ષનો અનુભવ જોતા કેટલી સાચી હતી, તેનો ખ્યાલ આવશે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ વખતે આપણે ત્યાં શરૂઆતનાં ૨૫-



જશવંત બી. મહેતા

૩૦ વર્ષ સુધી રાજ્ય કક્ષાએ તથા કેન્દ્ર કક્ષાએ કૉંગ્રેસ પક્ષનું લગભગ એકચક્રીય શાસન હતું, પણ સમય જતાં આપણે ત્યાં ભાષા, જાતિ અને પ્રાદેશિક ધોરણે નવા નવા રાજકીય પક્ષોનું અસ્તિત્વ ઊભું થતું રહ્યું છે.

અમેરિકન લોકશાહીમાં પક્ષ પદ્ધતિને પ્રોત્સાહન ન મળવા છતાં, એક થોડું નવાઈ લાગે તેવું સત્ય એ છે કે વખત જતા ત્યાં તંદુરસ્ત કહી શકાય તેવી દ્વિપક્ષીય પદ્ધતિ સ્થાપિત થવા પામી છે. અમેરિકાની પ્રમુખ પદ્ધતિની ચૂંટણીઓનો અભ્યાસ સૂચવે છે કે એમાં નાનકડા પક્ષોના ઉદ્ભવને અનુમોદન કે પ્રોત્સાહન મળતું નથી. આનુ મુખ્ય કારણ પ્રમુખીય ચૂંટણીનાં પરિણામો પર નાના પક્ષો કે જૂથોની ખાસ કંઈ અસર થતી નથી. છેલ્લાં દોઢસો વર્ષોથી ત્યાં રિપબ્લિકન અને ડેમોક્રેટિક એ બે મુખ્ય પક્ષોનું અસ્તિત્વ છે, પણ વખતોવખત ત્યાં નવા પક્ષોનું સર્જન થતું રહે છે, પરંતુ સમય જતા આવા નાના નાના પક્ષોનું કાં તો વિસર્જન થઈ જાય છે અથવા આ પક્ષો મુખ્ય રાજકીય પક્ષોમાં જોડાઈ જાય છે.

અમેરિકાની આવી પરિસ્થિતિ આપણા દેશ સાથે સરખામણી કરીએ તો આપણે ત્યાં અનેક વિવિધ પક્ષોની બનેલી મિશ્ર સરકારોમાં કુલ મતની નજીવી ટકાવારીના મત મેળવનારો નાનકડો પક્ષ પણ આપણે અપનાવેલી સંસદીય શાસન પદ્ધતિમાં ચૂંટણી પછી 'કિંગમેકર'ની ભૂમિકા ભજવી શકે છે.

### ભ્રષ્ટાચાર-યથા રાજા તથા પ્રજા


છેલ્લાં બાવીસ વર્ષમાં આપણે ત્યાં સાત લોકશાહીની ચૂંટણીઓ થઈ, જેમાં ત્રણ મધ્યસત્ર ચૂંટણીનો સમાવેશ થાય છે. આ સમય દરમિયાન વિવિધ પક્ષોના શંભુમેળા દ્વારા રચાયેલી મિશ્ર સરકારોએ સત્તાના સુકાન સંભાળ્યા છે. આઝાદી પછી ૬૪ વર્ષમાં ભ્રષ્ટાચાર વધતો ગયો છે, પણ છેલ્લાં બાવીસ વર્ષોમાં આ ભ્રષ્ટાચાર નવાં નવાં શિખરો સર કરતો રહ્યો છે. દેશભરમાં સર્વત્ર વ્યાપક છવાયેલા ભ્રષ્ટાચારમાં નિઃશંક રાજકીય ભ્રષ્ટાચાર અને ખાસ કરીને પ્રધાનમંડળમાં વ્યાપેલા ભ્રષ્ટાચારે મોટો ભાગ ભજવ્યો છે. જુદા જુદા રાજકીય પક્ષોની બનેલી મિશ્ર સરકારોમાં સરકારને સમર્થન, ટેકો આપવાના બદલામાં આ રાજકીય પક્ષો મોટી કિંમત વસૂલ કરતા રહ્યા છે. જાણીતી સંસ્કૃત ઉક્તિ 'યથા રાજા તથા પ્રજા' છે.

કોઈ પણ રાજકીય પદ્ધતિમાં ભ્રષ્ટાચાર સંપૂર્ણ રીતે ડામવો મુશ્કેલ છે, પણ આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિની

contd - 2

સરખામણીમાં અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય લોકશાહીમાં ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવા માટે અંકુશો અને સમતુલા નિઃશંકપણે વધારે અસરકારક છે. એક વાર ચૂંટાયા બાદ પ્રમુખને સ્વચ્છ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો પ્રધાનમંડળમાં સીધો સમાવેશ કરી સારું શાસન આપવાની પૂરેપૂરી તક મળી રહે છે. ચૂંટાયા પછી પ્રમુખને ભ્રષ્ટ સંસદસભ્યો કે પ્રધાનોના ટેકાની જરૂર રહેતી નથી. સત્તાના વિશ્લેષણના સિદ્ધાંત પર રચાયેલી સાચી પ્રમુખીય લોકશાહીમાં પ્રધાનમંડળમાં સંસદસભ્યોનો સમાવેશ કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી (જો સંસદના સભ્યનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવો હોય તો તેને સંસદમાંથી રાજીનામું આપવું જરૂરી રહે છે). બીજી તરફ પ્રમુખ પર સમતુલા જળવાઈ રહે તે માટે પ્રમુખે નિયુક્ત કરવા ધારેલા પ્રધાનપદના ઉમેદવારોને સંસદની મંજૂરીની જરૂર રહે છે. આ ઉપરાંત ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશન (એફ.બી.આઇ.) દ્વારા પ્રધાનપદ માટેની પસંદગી પામેલા દરેક ઉમેદવારનો રિપોર્ટ ખાનગીમાં પ્રમુખને પહોંચાડવામાં આવે છે. પ્રમુખની ચૂંટણી નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં થયા પછી લગભગ અઢી મહિનાના ગાળા પછી પ્રધાનમંડળની નિયુક્તિ થાય છે અને આ સમયગાળામાં પ્રધાનપદ અને અન્ય દરેક મહત્ત્વની જગ્યાની નિમણૂક માટેના ઉમેદવારની પૂરતી ચકાસણી કરવાનો સંસદને પણ સમય મળી રહે છે. આની સાથેસાથે સંસદના સભ્યો પણ પ્રધાનમંડળથી સંકળાયેલા નહીં હોવાથી તેઓને પણ ભ્રષ્ટાચારી પ્રધાનોનું બચાવ કરવાનું કોઈ વિશેષ કારણ રહેતું નથી. હકીકતમાં ઘણી વાર પ્રમુખના પોતાના જ પક્ષના સંસદસભ્યો પણ આવા ભ્રષ્ટ પ્રધાનોને ખુલ્લા આવી છે.

છેલ્લાં ૪૨ વર્ષથી ઠેલાતા રહ્યા પછી દેશભરમાં વ્યાપક છવાયેલા ભ્રષ્ટાચારથી સરકાર ઉપર હવે આ ખરડો પસાર કરવા પ્રચંડ દબાણ છે. આ ખરડા હેઠળ વડા પ્રધાનથી લઈને નીચલા સ્તરના સરકારી નોકર ઉપર ભ્રષ્ટાચારના આરોપ માટે લોકપાલને સ્વતંત્ર રીતે પોતાની કાર્યવાહી કરવાની છૂટ આપવાની ભલામણ છે. લોકપાલના મુદ્દે અણ્ણા હઝારેએ છેડેલા આંદોલનને આમજનતાનો વ્યાપક ટેકો પ્રાપ્ત થયો છે, પણ ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવા માટે લોકપાલની સાથેસાથે હાલની શાસન પદ્ધતિમાં પરિવર્તન લાવવું વધારે અગત્યનું છે. આજે જ્યારે રાજ્ય કે કેન્દ્ર સ્તરે પ્રામાણિક પ્રધાન શોધવો મુશ્કેલ છે અને લાખો સરકારી બાબુઓનો ખૂબ મોટો વર્ગ ભ્રષ્ટ છે તો લોકપાલ કેટલા પ્રધાનો કે સરકારી બાબુઓ સામે કામગીરી કરતો રહેશે ? આપણે કેટલા લોકપાલો નિમશું અને તે માટે કેટલો મોટો સ્ટાફ ઊભો કરશું અને તે ભ્રષ્ટ નહિ



રહે તેની ખાતરી શું ? અણ્ણા હઝારેના આ આંદોલનને આમજનતા દ્વારા મળેલા વ્યાપક ટેકાનો યોગ્ય શાસન પદ્ધતિ માટે જનજાગૃતિની ચળવળમાં રૂપાંતર કરવાની તક ઝીલી લેવાની જરૂર છે.

પ્રમુખીય લોકશાહીની વિરુદ્ધમાં અવારનવાર દલીલ [illegible]ી. હિટલરે ૧૯૩૨માં સત્તા ધારણ કરી, સાત વર્ષમાં સંસદીય લોકશાહીની મર્યાદાઓ ઓળંગી સરમુખત્યારની સત્તા ધારણ કરી લીધી હતી. આપણે ત્યાં ૧૯૭૫-૭૭માં ઈંદિરા ગાંધીએ કટોકટીની પરિસ્થિતિ જાહેર કરી સંસદીય શાસન પદ્ધતિનુ લગભગ સરમુખત્યારશાહીમાં પરિવર્તન કરી દીધું હતું. આ સમય દરમિયાન બંધારણનો ૪૨મો સુધારો સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો, જે મુજબ બંધારણમાં ૩૬૮ની કલમમાં ફેરફાર કરવાની સત્તા સંસદને પ્રદાન કરવામાં આવી હતી. આ પધારાથી સંસદને બંધારણને પણ સુધારો કરવાની અબાધિત સત્તા આપવામાં આવી હતી અને સત્તાને સુપ્રીમ કોર્ટમાં પણ પડકારવી મુશ્કેલ હતી. સદ્ભાગ્યે ૧૯૭૭ની ચૂંટણીમાં જનતા પાર્ટી સત્તા ઉપર આવી અને આ સુધારાને રદ કરવામાં આવ્યો. ન્યાયતંત્ર, વિધાયક સત્તા (જે મુખ્યત્વે સંસદને આપવામાં આવી હોય છે) અને વહીવટી સત્તા (જે આપણે ત્યાં કેન્દ્ર સ્તરે વડા પ્રધાન અને તેનું પ્રધાનમંડળ અને રાજ્ય સ્તરે મુખ્ય પ્રધાન અને તેનું પ્રધાનમંડળ ભોગવે છે) એ લોકશાહીના ત્રણ મુખ્ય આધારસ્તંભ કહી શકાય. સાચી પ્રમુખીય લોકશાહીમાં વહીવટી સત્તા અને વિધાયક સત્તા વચ્ચે સત્તાના યોગ્ય વિભાજનથી અંકુશો અને સમતુલા સચવાઈ છે અને પ્રમુખને પ્રધાનમંડળના કોઈ પણ સભ્યને સામેલ કરતા પહેલાં સંસદની મંજૂરી લેવી જરૂરી રહે છે. બીજી બાજુ, સંસદને ધારાઓ પસાર કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે તો સાથેસાથે પ્રમુખને કોઈ પણ ધારો યોગ્ય ન લાગે તો 'વીટો' વાપરવાની સત્તા પણ આપવામાં આવે છે. સંસદના કોઈ પણ સભ્યને કોઈ પણ ધારા ઉપર પોતાની મરજી પ્રમાણે યોગ્ય લાગે તે રીતે મત આપવાની છૂટ આપવામાં આવી છે. (આપણે ત્યાં પક્ષના વ્હીપનો આદેશ પક્ષ દ્વારા અપાય તો સંસદના સભ્યને તે પ્રમાણે જ ખરડા ઉપર વોટ આપવો બંધનકર્તા છે. આવી કોઈ પ્રણાલિકા અમેરિકામાં અમલમાં નથી.)

લેખના અંતમાં બાબાસાહેબ આંબેડકરે બંધારણ માટેની લખેલી નોંધ ઘણી સૂચક અને જાણે કે ભવિષ્યની આગાહી કરી હોય તેવી લાગે છે, તેનો ઉલ્લેખ યથાર્થ રહેશે. તેમણે જણાવ્યું હતું કે, 'નાતજાત અને સંપ્રદાયો વચ્ચેનાં વર્ષણોને લક્ષમાં લેતાં ભારતની સંસદમાં અસંખ્ય પક્ષો અને જૂથો સર્જાશે, તેવી પૂરેપૂરી શકયતા છે. આવી પરિસ્થિતિમાં એક વાત નિશ્ચિત છે કે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિમાં સ્થિર સરકાર હોવી મુશ્કેલ હશે. આવા પક્ષો અને જૂથો પોતાના નજીવા સ્વાર્થ માટે અંદરોઅંદર સતત લડતા રહેશે અને સરકારને ઊથલાવવાની પેરવી કરતા રહેશે. વારંવાર પતન થતી સરકારથી દેશમાં અરાજકતા ફેલાશે. જો આમ બને તો અમેરિકન ઢબની સરકાર જે પણ સંસદીય પદ્ધતિ જેટલી જ લોકશાહીવાદી અને જવાબદાર શાસન પદ્ધતિ છે તે આપણો વિકલ્પ બની રહેશે.

બંધારણ સભાના ચેરમેન તરીકે ડૉ. આંબેડકરને ભારતીય બંધારણના 'ઘડવૈયાઓ'માં અગ્રેસર ગણવામાં આવે છે, પણ હકીકતમાં ડૉ. આંબેડકરે ૨જી સપ્ટેમ્બર, ૧૯૫૩માં જે શબ્દો ઉચાર્યા તે આ માન્યતાઓનું સંપૂર્ણ ખંડન

contd - 3

# પક્ષને મળેલા મતો પ્રમાણે ૫૦ ટકા સીટોની ફાળવણી

સાચી પ્રમુખીય લોકશાહીની સાથેસાથે આપણે હાલની ચૂંટણી પદ્ધતિમાં પણ અમુક સુધારા કરવાની તાતી જરૂરિયાત છે. ઉમેદવારને વિધાનસભા કે લોકસભામાં ચૂંટાવા માટે આપણી હાલની પદ્ધતિ પ્રમાણે જે ઉમેદવારને સૌથી વધારે મત મળે તે ચૂંટાયેલો જાહેર થાય છે. આના સંદર્ભમાં જર્મનીએ અપનાવેલી પદ્ધતિ બિરદાવવા જેવી છે. આપણે હાલ અપનાવેલી પદ્ધતિમાં ઘણી વખત પોતાને મેળેલા મતોની ટકાવારી કરતાં રાજકીય પક્ષોને મળતી સીટોમાં મોટો તફાવત જોવા મળે છે. દા.ત. હાલમાં જ થયેલી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં માયાવતીની બી.એસ.પી. પાર્ટીને કુલ મતોના ૨૫.૯ ટકા મત પ્રાપ્ત થયા છે અને તેમના પક્ષને ૪૨૫માંથી ૮૦ સીટ મળી છે, જ્યારે તેની સામે મુલાયમસિંહના સમાજવાદી પક્ષે કુલ મતોના ૨૯.૨ ટકા મતો મેળવ્યા છે અને તેમના પક્ષને ૪૨૫માંથી ૨૨૪ સીટો મળી છે એટલે કે ફક્ત ૩.૪ ટકા વધારે મતો પ્રાપ્ત કરીને મુલાયમસિંહના પક્ષને બી.એસ.પી. કરતાં ૨૮૦ ટકા વધારે સીટો પ્રાપ્ત થઇ છે ! આજે સર્વત્ર અખિલેશ યાદવ હીરો બની ગયો છે, પણ કોઈએ આ મુદ્દા ઉપર ચર્ચા નથી કરી. આવા અનેક દાખલાઓ ટાંકી શકાય. સૌથી વધારે અસમતોલપણું ૧૯૯૧માં તમિલનાડુની વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળ્યું હતું. આ ચૂંટણીમાં ડી.એમ.કે.ને કુલ મતોના ૨૧.૪ ટકા મતો મળ્યા છતાં ૨૩૨ સભ્યોની વિધાનસભામાં ફક્ત એક જ સીટ પ્રાપ્ત થઈ હતી, જ્યારે ૪૪.૪ ટકા મતો પ્રાપ્ત કરનાર એ.આઈ.ડી.એમ.કે.એ ૧૬૩ સીટો જીતી હતી, જે કુલ સીટોની ૭૦ ટકા હતી. આ અસમતોલન દૂર કરવા માટે જર્મનીએ અપનાવેલી પદ્ધતિ અનુકરણીય છે. આ પદ્ધતિ હેઠળ ૫૦ ટકા બેઠકો રાજકીય પક્ષોને તેઓએ મેળવેલા મતોની ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે અને બાકીના ૫૦ ટકા આપણી પદ્ધતિ પ્રમાણે જે ઉમેદવાર સૌથી વધારે મત મેળવે તે પ્રમાણે ફાળવાય છે. હકીકતમાં જર્મનીમાં મતપત્રકને બે વિભાગમાં વહેંચવામાં આવે છે અને મતદારને એક મત ઉમેદવાર માટે અને બીજો મત રાજકીય પક્ષની પસંદગી માટે હોય છે અને ૫૦ ટકા બેઠકો રાજકીય પક્ષોએ મેળવેલી ટકાવારી પ્રમાણે ફાળવવામાં આવે છે. આ પદ્ધતિમાં અસમતુલન દૂર થવાની સાથે બીજો ફાયદો એ છે કે જે પક્ષને આપણે સમર્થન આપતા હોઈએ તે પક્ષે ચૂંટેલા ઉમેદવાર કરતાં અન્ય રાજકીય પક્ષના ઉમેદવારની લાયકાત વધારે હોય તો મતદાતાને પાર્ટી અને ઉમેદવાર બેયને યોગ્યતા પ્રમાણે ચૂંટવાની તક મળી રહે છે. (આ પદ્ધતિ પ્રમાણે પાર્ટીએ ટકાવારી પ્રમાણે જે સીટો તેઓને ફાળવવાની હોય છે તે માટે પોતાના નક્કી કરેલા ઉમેદવારોની યાદી અગાઉથી અગ્રતાક્રમ અનુસાર આપવી પડે છે અને સામાન્ય રીતે ટોચના આગેવાનોને પક્ષ તરફથી અગ્રતાક્રમ મળતો હોવાથી તેઓને ચૂંટણી જીતવા માટેની કડાકૂટ ન રહેતાં તેઓ રાષ્ટ્રીય ધોરણે પોતાના પક્ષની ચૂંટણીઝુંબેશ પર વધારે ધ્યાન આપી શકે છે અને પોતે કોઈ મતદાર ક્ષેત્રનું પ્રતિનિધિત્વ નહિ ધરાવતા હોવાથી તેઓનું દૃષ્ટિબિંદુ વધારે વિશાળ બને છે.) આજે આપણે ત્યાં રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીના ટોચના આગેવાનો પણ પ્રધાન કે મુખ્ય પ્રધાન યા વડા પ્રધાપદે ચૂંટાયા બાદ પણ પોતે જે મતદાર વિસ્તારથી ચૂંટાયા હોય તેના વિકાસ માટે પોતાના હોદ્દાનો શકય તેટલો ઉપયોગ કરવા પ્રેરાય છે, જે સમગ્ર રાજ્ય કે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ અયોગ્ય કહેવાય.

---

પાડતા અચકાતા નથી. પ્રધાનમંડળની નિમણૂક સંસદના બહારના સભ્યોમાંથી લેવાની પ્રથા જાપાન જેવી સંસદીય પદ્ધતિને વરેલા દેશમાં પણ સ્વીકારવામાં આવી છે, જે અનુસાર વડા પ્રધાનને ૫૦ ટકા જેટલા પ્રધાનો સંસદ બહારથી લેવાની છૂટ આપવામાં આવી. જર્મની કે જ્યાં ચાન્સેલર વડા પ્રધાનનું સ્થાન અને સત્તા ભોગવે છે ત્યાં પણ ચાન્સેલરને સંસદ બહારથી કોઈપણ વ્યક્તિને પ્રધાનમંડળમાં સામેલ કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં કરવામાં આવે છે કે આ શાસન પદ્ધતિમાં એક જ વ્યક્તિના હાથમાં વિશાળ સત્તા કેન્દ્રિત થાય છે અને તે સરમુખત્યારશાહી તરફ ઢળવાની શકયતા રહે છે. કોઈ પણ શાસન પદ્ધતિ હોય, પછી તે સંસદીય હોય કે પ્રમુખીય પદ્ધતિ હોય, તેનું સરમુખત્યારશાહીમાં રૂપાંતર થાય કે નહીં તે બંધારણમાં 'અંકુશો અને સમતુલા'ની જોગવાઈઓ ઉપર આધાર રાખે છે. ૧૯૨૦-૪૦ના સમયમાં જર્મનીમાં સંસદીય લોકશાહી રહે છે. આમ થવા માટે સંસદ અને વહીવટી સત્તા ધરાવનાર પ્રમુખ અને તેનું પ્રધાનમંડળ એકમેકથી અલગ રહેવા જરૂરી છે. અમેરિકા અને ફ્રાન્સે અપનાવેલી પ્રમુખીય લોકશાહીએ પ્રમુખીય શાસનતંત્રનો એક ઉમદા દાખલો પૂરો પાડયો છે. આ બંને લોકશાહીમાં સંસદને વહીવટી સત્તામાંથી સંપૂર્ણપણે અલગ રાખવામાં આવી છે, પણ સાથેસાથે પ્રધાનમંડળને અંકુશમાં રાખવાની સત્તા સંસદને પ્રદાન કરવામાં આવી

---

કરે છે, 'મારા મિત્રો મને કહે છે કે આ બંધારણનું ઘડતર મારા હાથે થયું છે, પણ આ બંધારણ મને બિલકુલ પસંદ નથી, એ કોઈને પણ અનુકૂળ આવે તેવું નથી. આને જો બાળીને નષ્ટ કરવું હોય તો તેમાં હું પહેલ કરવા પણ તૈયાર છું.' (શ્રી અરુણ શૌરીએ ૨૦૦૭માં લખેલું 'સંસદીય લોકશાહી' પુસ્તક, પૃ. ૧૮) આજે જો ડૉ. આંબેડકર જીવતા હોત અને આ બંધારણની ફલશ્રુતિ તરીકે આપણે અપનાવેલી સંસદીય શાસનપ્રણાલીમાં જે રીતની ભ્રષ્ટાચારે માઝા મૂકી છે અને રાજકારણીઓએ લાભ ઉઠાવ્યો છે તે જોતાં આ શાસન પદ્ધતિ બદલવા માટે તેઓ જેહાદ ઉઠાવત, તેમાં કોઈ શંકા નથી.

**(લેખક આર્કિટેક્ટ અને કન્સલ્ટિંગ ઈજનેર છે. તેમના અંગ્રેજી પુસ્તક 'પ્રેસિડેન્સિયલ સિસ્ટમ બેટર ઓલ્ટરનેટિવ ?'નો ગુજરાતી અને હિંદીમાંય અનુવાદ થયો છે.)**